**ભરૂચના વિ. બીજા એડીશનલ સેસન્સ જજ સાહેબની કોર્ટમાં,મુકામ:ભરૂચ.**

**ક્રિમીનલ અપીલ નં.૩૧૦/૨૦૨૫**

**એપેલન્ટ** :– ઈદ્રીશમીયાં એહમદમીયાં સૈયદ

વિ.

**રીસ્પોન્ડન્ટ** :–સલમાબીબી અબ્દુલ્લાહ મુલ્લા

**<u>આંક–૧ લગત હુકમ</u>**

હાલના કામે આંક–૧૪ થી સમાધાન પુરસીસ રજુ કરવામાં આવેલી છે અને એવી રજુઆત કરવામાં આવેલી છે કે બંને પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલ છે અને આ કામના એપેલન્ટ/આરોપીએ આ કામના રીસ્પોન્ડન્ટ/મુળ ફરીયાદીને પુરેપુરી રકમ ચુકવી દીધેલ છે અને હવે પક્ષકારો વચ્ચે કોઈ તકરાર બાકી રહેતી નથી, જેથી એપેલન્ટ/આરોપીને છોડી મુકવા અરજ ગુજારેલી છે. વધુમાં આ સમાધાન રાજીખુશીથી અને મુકત સંમતિથી કોઈ પણ જાતના દબાણ કે ધાક ધમકી અને પ્રલોભન વગર કરવામાં આવેલ હોવાનું પણ જણાવેલ છે. જેથી ઉપરોકત તમામ હકીકતો, રજુઆતો વિગેરે ધ્યાને લેતાં, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

૧. એપેલન્ટ/આરોપી ઈદ્રીશમીયાં એહમદમીયાં સૈયદનાઓની હાલની ક્રિમીનલ અપીલ આથી મંજુર કરવામાં આવે છે.

૨. વિ. ટ્રાયલ કોર્ટે ક્રિમીનલ કેસ નં.૪/૨૦૨૫ ના કામે એપેલન્ટ/આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુન્હામાં કસુરવાર ઠરાવી સજા, દંડ અને વળતર ચુકવવાનો જે હુકમ કરેલ છે તે હુકમ આથી રદ કરી,એપેલન્ટ/આરોપીને છોડી

મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ હુકમની નકલ નીચેની અદાલતને તાત્કાલીક મોકલી આપવી.

આ હુકમ આજ **તા.૧૮** માહે **જુલાઈ** સને **૨૦૨૬** ના રોજ લોકઅદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ : ૧૮/૦૭/૨૦૨૬**
**સ્થળ: ભરૂચ**
YSD

**(એજાઝ મહોશીન અલી શેખ)**
**બીજા એડીશનલ સેશન્સ જજ,ભરૂચ.**
**(જજ કોડ નં.જીજે૦૦૬૨૭)**